# સાંઘીને સતત બીજા વર્ષે ગ્રીનટેક એન્વાયર્નમેન્ટ એવોર્ડ

## સિમેન્ટ ક્ષેત્રે પર્યાવરણ સંચાલન અને પ્રદૂષણ નિયંત્રણ માટે સન્માન

ભુજ, તા. ૭ : કચ્છનાં અબડાસામાં વાર્ષિક ૩૦ લાખ ટનની વિશાળ સિમેન્ટ ઉત્પાદન ક્ષમતા ધરાવતી સાંઘી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે સતત બીજા વર્ષે સિમેન્ટ ક્ષેત્રે ગોલ્ડ કેટેગરીમાં એન્વાયર્નમેન્ટ એક્સેલન્સ એવોર્ડ જીત્યો છે. એક બિન-નફાલક્ષી સંગઠન એવા ગ્રીનટેક ફાઉન્ડેશને એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ તથા પ્રદૂષણ નિયંત્રણના ક્ષેત્રમાં કંપનીએ મેળવેલી સિદ્ધિ બદલ આ એવોર્ડની જાહેરાત કરી છે.

પર્યાવરણને લગતી કામગીરીમાં નોંધપાત્ર સુધારાના લીધે સળંગ બીજી વખત કંપનીને એવોર્ડ એનાયત કરાયો છે, જે કંપનીના રેટિંગમાં વૃદ્ધિ માટે મદદરૂપ થયો છે. આ એવોર્ડ ગુણવત્તાના કડક ધારા ધોરણો, વિશ્વસનીયતાનું સીમાચિહ્ન છે.

એવોર્ડ વિશે પ્રતિક્રિયા આપતાં સાંઘી ઇન્ડસ્ટ્રીઝ લિ.ના ડિરેક્ટર આદિત્ય સાંઘીએ જણાવ્યું હતું કે, 'પર્યાવરણને લગતી જવાબદારીઓના તમામ સકારાત્મક પાસાઓના ક્ષેત્રમાં અપવાદરૂપ લક્ષ્યાંકોને માન્યતા પ્રદાન કરવા, સન્માનિત કરવા આ એવોર્ડ આપવામાં આવે છે. જે પર્યાવરણ વ્યવસ્થાપન માટેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કંપનીમાં પર્યાવરણ તથા સામાજિક ક્ષેત્રને લગતી ગતિવિધિ માત્ર નિયમોના પાલન સુધી સીમિત રહી નથી, પણ સાંઘીની ફિલોસોફીનો એક અભિન્ન હિસ્સો બનીને રહી છે.'

કંપનીને 'એર પોલ્યુશન કન્ટ્રોલ મેઝર્સ', 'વોટર પોલ્યુશન કન્ટ્રોલ મેઝર્સ', 'નોઇઝ વાઇબ્રેશન કન્ટ્રોલ મેઝર્સ', 'કમ્યુનિટી ડેવલપમેન્ટ' તથા 'અફોરેસ્ટેશન/પ્લાન્ટેશન' માટેના એવોર્ડ પણ એનાયત થઇ ચૂક્યા છે.